આ ગ્રંથમાં વિક્રમની વીસમી સદીના પૂજ્ય પ્રભાવક
આચાર્યભગવંતોના પરિચયો સમુદાયવાર પ્રગટ કર્યા છે,
તે સિવાયના અન્ય સમુદાયના
પૂજ્ય આચાર્યભગવંતોના પરિચયો :

પૂ. આ. શ્રી વિજયશાંતિસૂરીશ્વરજી મહારાજ
પૂ. આ. શ્રી વિજયહિમાચલસૂરીશ્વરજી મહારાજ
પૂ. આ. શ્રી વિજયલક્ષ્મીસૂરીશ્વરજી મહારાજ
પૂ. આ. શ્રી વિજયવિવેકચંદ્રસૂરીશ્વરજી મહારાજ
પૂ. આ. શ્રી વિજયઆનંદઘનસૂરીશ્વરજી મહારાજ
પૂ. આ. શ્રી વિજયસુબાહુસૂરીશ્વરજી મહારાજ

'જીવપ્રતિપાલક', 'જગદ્‌ગુરુ', 'સૂરિસમ્રાટ', 'નેપાલ-રાજ્યગુરુ',
'હિઝ હોલિનેસ' આદિ બિરુદો પ્રાપ્ત કરનાર

## પૂ. આચાર્ય શ્રી વિજયશાંતિસૂરીશ્વરજી મહારાજ

અનુયોગાચાર્ય, વિશ્વશાંતિના ઉદ્‌ઘોષક, પ્રશાંતમૂર્તિ, સંયમમાર્ગના સ્તંભ, પરમ આદરણીય યોગીરાજ શ્રી વિજયશાંતિસૂરીશ્વરજી મહારાજને સંસારમાં કોણ નથી ઓળખતું ! પૂજ્યશ્રીનો જન્મ સં. ૧૯૪૫ના મહા સુદ પાંચમે થયો હતો. તેમની જન્મભૂમિ રાજસ્થાનના તત્કાલીન રાજ્ય અને આજના સિરોહી જિલ્લામાં આવેલું મણાદર ગામ. રાયકા પરિવારમાં પિતા ભીમતોલાજી અને માતા વસુદેવીને ત્યાં તેમણે અવતાર ધારણ કર્યો. બાળકનું નામ સગતોજી રાખવામાં આવ્યું. સગતોજી બાળપણથી જ સૌને ખૂબ વ્હાલા હતા. પિતાનો વ્યવસાય પશુપાલનનો હતો. સગતોજી પણ ગાય-ભેંશ અને ઘેટાં-બકરાં સાથે જંગલમાં જવા લાગ્યા. અહીં જાણ્યે-અજાણ્યે સગતોજીના અજ્ઞાત મન ઉપર કુદરતના સંસ્કારો પડવા માંડ્યા હતા. એવામાં એમના એક કાકા, જેમણે મુનિશ્રી ધર્મવિજયજી (પછીથી આચાર્યશ્રી) મહારાજ પાસે દીક્ષા ગ્રહણ કરી હતી અને મુનિશ્રી તીર્થવિજયજી મહારાજના નામે વિખ્યાત થયા હતા, તેમની પાસેથી વિરાગી જીવનની પ્રેરણા મળી અને આઠ વર્ષની કુમળી વયે સગતોજી મુનિરાજ શ્રી તીર્થવિજયજી સાથે વિચરવા લાગ્યા. સોળ વર્ષની વયે સં. ૧૯૬૧ના મહા સુદ પાંચમના

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

શુભ દિને તેમણે જાલોર જિલ્લાના રામસેણ ગામે ગુરુદેવશ્રી તીર્થવિજયજી મહારાજ પાસે ભાગવતી દીક્ષા અંગીકાર કરી. સંયમમાર્ગ પર વિચરતાં વિચરતાં સગતોજી 'શાંતિવિજય' બની ગયા. તેમને સં. ૧૯૬૧થી ૧૯૭૩ સુધીનાં બાર વર્ષ વસિષ્ઠાશ્રમ, ગુરુશિખર, માર્કંડેશ્વર, સુદા પર્વત એકાંતિક અને રમ્ય વનસ્થાનોમાં રહીને જ્ઞાન-ધ્યાન-તપની સાધના કરી. સં. ૧૯૭૩ પછી મુનિશ્રી શાંતિવિજયજી મહારાજ જનહિતાર્થે આબુ પર્વત આસપાસ પ્રદેશોમાં વિચરવા લાગ્યા. આ વિસ્તાર પૂજ્યશ્રીને અતિ પ્રિય હતો. માર્કંડઋષિના આશ્રમની પાસે સરસ્વતીમંદિરમાં તેઓશ્રી ઘણો સમય મૌન રહ્યા હતા. સં. ૧૯૭૩ પછી જોધપુર પ્રદેશના જસવંતપુર જિલ્લામાં પધાર્યા. ત્યાં સુદાના પહાડ પર ચામુંડાદેવીનું પ્રસિદ્ધ મંદિર છે. ત્યાં પ્રતિવર્ષ મેળામાં ખૂબ જીવહિંસા થતી હતી. ત્યાં રહીને લોકોને સદુપદેશ આપીને હિંસા થતી અટકાવી. એ જ રીતે, સં. ૧૯૮૮માં રાજસ્થાનનાં અન્ય સ્થાનકો પરની જીવહિંસા પણ બંધ કરાવી. જીવદયાના પરિણામે પૂજ્યશ્રીની પ્રેરણાથી આબુમાં પશુ-ચિકિત્સાલય ખોલવામાં આવ્યું.

સં. ૧૯૮૯માં બામણવાડજી પધાર્યા. ત્યાં મહામહોત્સવપૂર્વક તપ-આરાધનાઓ થઈ. પૂજ્યશ્રીને 'અનંત જીવપ્રતિપાલક', 'યોગલબ્ધિસંપન્ન રાજરાજેશ્વર' ના બિરુદથી સન્માનવામાં આવ્યા. સં. ૧૯૯૦માં વીરવાડામાં 'જગદ્ગુરુ', 'સૂરિસમ્રાટ' આદિ અને નેપાલનરેશ તરફથી 'નેપાલ-રાજ્યગુરુ' બિરુદ તથા સં. ૧૯૯૧માં વીસલપુરમાં 'યુગપ્રધાન' પદવી તથા 'હિઝ હોલીનેસ' પદવીથી સન્માનિત કરવામાં આવ્યા. પૂજ્યશ્રીના અંગેઅંગમાં જૈનધર્મના સિદ્ધાંતો—અનેકાંતવાદ અને અહિંસા સમાયેલાં હતાં. પરિણામે જીવદયા, વિશ્વપ્રેમ, વિશ્વશાંતિ અને સર્વધર્મસમભાવના ગુણોથી તેઓશ્રી સમગ્ર સમાજમાં અત્યંત આદરપાત્ર બન્યા હતા. જૈનેતર અને વિદેશીઓ પણ મોટી સંખ્યામાં પૂજ્યશ્રીના ભક્તો બન્યા હતા. ઉદયપુર રાજ્યમાં આવેલા શ્રી કેસરિયાજી તીર્થમાં કોઈ તત્ત્વો દ્વારા જૈન દર્શનાર્થીઓને ત્રાસ આપવામાં આવતો હતો, તે પૂજ્યશ્રીએ ૨૯ દિવસ આમરણાંત ઉપવાસ કરીને દૂર કર્યો. મહારાણા ભોપાલસિંહજી ગુરુદેવશ્રીની તપશ્ચર્યા અને વ્યક્તિત્વથી ઘણા પ્રભાવિત થયા હતા. પૂજ્યશ્રી સં. ૧૯૯૯માં અચલગઢ (આબુ) બિરાજમાન હતા. ત્યાં આસો વદ ૧૦ને દિવસે ધ્યાનસ્થ અવસ્થામાં જ કાળધર્મ પામ્યા. આ સમાચાચારથી ઠેર ઠેરથી અસંખ્ય માનવસમુદાય ઊમટ્યો. દાદાગુરુ શ્રી ધર્મવિજયજીની સમાધિ પાસે જ અગ્નિસંસ્કાર કરવામાં આવ્યા. પૂજ્યશ્રીની પુણ્યસમાધિ બનાવવાનો નિર્ણય થયો. શ્રી પૂનમચંદ કોઠારી સાહેબના માર્ગદર્શન નીચે જયપુરના શિલ્પી શ્રી રાજારામ શિવનારાયણે સુંદર મૂર્તિ કંડારી. એવી રીતે, પૂજ્યશ્રી શાસનપ્રભાવનાનાં અમૂલ્ય કાર્યો કરીને અમર થઈ ગયા. કોટિ કોટિ વંદના હજો એ જનવત્સલ, જીવવત્સલ સાધુવર્યને !




Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

## નાકોડા તીર્થોદ્ધારક–મેવાડ દેશોદ્ધારક

# પૂ. આચાર્યશ્રી વિજયહિમાચલસૂરીશ્વરજી મહારાજ

તપાગચ્છની વિવિધ શાખાઓમાં એક શાખા–પરંપરા જગદ્‌ગુરુ શ્રી વિજયહીરસૂરિજીની ચાલી આવે છે. એ પરંપરામાં થયેલા અનુયોગાચાર્ય શ્રી હિતવિજયજી મહારાજના શિષ્ય તે ચરિત્રનાયક પૂ. આ. શ્રી વિજયહિમાચલસૂરીશ્વરજી મહારાજ. વીસમી સદીમાં થયેલા પૂજ્ય આચાર્યભગવંતોમાં તેઓશ્રીનું સ્થાન આગલી હરોળમાં આવે છે. પૂજ્યશ્રીનું મુનિઅવસ્થાનું નામ શ્રી હિંમતવિજયજી હતું. મારવાડ–મેવાડમાં તેઓશ્રીની પ્રેરણા ,અને નિશ્રામાં અનેક જિનમંદિરોના જીર્ણોદ્ધાર, નવનિર્માણ, તીર્થોદ્ધાર, અંજનશલાકા-પ્રતિષ્ઠા, યાત્રાસંઘો, ઉપધાન આદિ તપારાધનાઓ અને શાસનપ્રભાવનાનાં નાનાંમોટાં અનેક ધર્મકાર્યો થયાં છે, પરિણામે તેઓશ્રીનું નામ એ ક્ષેત્રોમાં સીમાચિહ્ન બની રહ્યું !

શ્રી નાકોડા તીર્થ આજે જે સુવિખ્યાત અને સુવિશાળ બન્યું છે, તેના પાયામાં પૂજ્યશ્રીનું યોગદાન મહત્ત્વપૂર્ણ રહ્યું છે. અહીં સં. ૧૯૯૧, ૨૦૧૬ અને ૨૦૨૯ માં પૂજ્યશ્રીના વરદ હસ્તે અનેક જિનપ્રતિમાજીઓ, દેવદેવીઓની મૂર્તિઓ, ગુરુમૂર્તિઓ, ચરણપાદુકાઓ, તીર્થપટ્ટો વગેરેની ભવ્યાતિભવ્ય મહોત્સવપૂર્વક અંજનશલાકા–પ્રતિષ્ઠા થઈ હતી. પૂજ્ય આચાર્યશ્રી દ્વારા રાજસ્થાનનાં અન્ય પણ અનેક સ્થાનો–તીર્થોમાં પ્રતિષ્ઠાદિ કાર્યો યાદગાર રીતે સુસંપન્ન થયાં હતાં. પૂજ્યશ્રી પાછલી અવસ્થામાં ઘાણેરાવમાં સ્થિરવાસ રહ્યા હતા. ત્યાં પણ તેઓશ્રીની પ્રેરણાથી 'કીર્તિસ્તંભ'નું ભવ્ય નિર્માણ થયું છે. આજે એ તીર્થરૂપ દર્શનીય સ્થાન બન્યું છે. પૂજ્યશ્રીના વરદ હસ્તે અનેક પ્રાચીન તીર્થોના ઉદ્ધાર અને નૂતન તીર્થોનાં નિર્માણ, ઉપરાંત અનેક દીક્ષાઓ પણ થઈ હતી. તેઓશ્રીના શિષ્યપરિવારમાં વિદ્યમાન એવા પૂ. આ. શ્રી વિજય-લક્ષ્મીસૂરિજી મહારાજ કેટલાંય વર્ષોથી અને આજે વયોવૃદ્ધ અવસ્થાએ પણ બાડમેર અને જાલોર જિલ્લાના વિકટ, વેરાન અને રેતાળ પ્રદેશોમાં વિચરીને તે પ્રદેશના જૈનોની ધર્મશ્રદ્ધાને જાગૃત અને કાર્યરત બનાવવા ઉપરાંત સદ્‌ગત પૂજ્ય ગુરુદેવની શ્રી નાકોડાતીર્થ પ્રત્યેની ભક્તિને અક્ષુણ્ણપણે વહાવી રહ્યા છે. એવા એ અનેક તીર્થોદ્ધારક આચાર્યશ્રી વિજયહિમાચલસૂરિજી મહારાજના ચરણે ભાવભીની વંદના !



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org